| | |
|---|---|
| **Publication: Prabhat** | **Edition: Ahmedabad** |
| **Date: September 20, 2016** | **Page: 3** |

# એચપીએલ ઈલેક્ટ્રિક એન્ડ પાવરનો આઈપીઓ ૨૨ સપ્ટેમ્બરે ખુલશે



એચપીએલ ઈલેક્ટ્રિક એન્ડ પાવર લિમિટેડ (કંપની)એ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૬ રોજ રોકડના બદલામાં શેરદીઠ રૂ. ૧૦ ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર (ઈક્વિટી શેર)નો આઈપીઓ લાવવાની દરખાસ્ત રજૂ કરી છે, જેની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૧૭૫- રૂ. ૨૦૨ નક્કી કરવામાં આવી છે અને આ આઈપીઓ મારફતે કંપની કુલ રૂ. ૩,૬૧૦ મિલિયન (ઈશ્યૂ) ભા કરવા ઈચ્છે છે. ઈશ્યૂ ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૬ રોજ સોમવારે બંધ થશે. બિડ્સ લઘુતમ ૭૦ ઈક્વિટી શેર માટે થઈ શકશે અને પછી ૭૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે.

ઓફર મારફતે ઓફર થનાર ઈક્વિટી શેરનું લિસ્ટિંગ નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (એનએસઈ) અને બીએસઈ લિમિટેડ (બીએસઈ) પર થશે.

સીક્યૉરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા નિયમન, ૨૦૦૯, જેમાં થયેલા સંશોધનો મુજબના નિયમન ૨૬(૧)ને અનુરૂપ બુક બિલ્ડિંગ પ્રોસેસ મારફતે ઈશ્યૂ રજૂ કરવામાં આવ્યો છે, જેમાં ઈશ્યૂનો ૫૦ ટકા હિસ્સો સપ્રમાણ આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સને ઓફર કરવામાં આવશે.

કંપની ભારતમાં વીજ ઉપકરણોનું ઉત્પાદન કરે છે, જેમાં મીટરિંગ સોલ્યુશન્સ, સ્વિચગીઅર્સ, લાઈટિંગ ઈક્વિપમેન્ટ અને વાયર અને કેબલ્સ જેવા વિવિધ ઉત્પાદનો સામેલ છે, જે વીજ ઉપકરણ ઉદ્યોગમાં ગ્રાહક અને સંસ્થાગત ગ્રાહકોને સેવા પ્રદાન કરે છે. નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ કંપની ભારતમાં મીટરના વિસ્તૃત પોર્ટફોલિયો સાથે વીજ ર્જા મીટર માટે સૌથી વધુ બજાર હિસ્સો ધરાવતી હતી, જે ભારતમાં મીટરનો સૌથી વિસ્તૃત પોર્ટફોલિયો અને આ જ ગાળામાં એલઈડી લેમ્પ માટે પાંચમો સૌથી વધુ બજાર હિસ્સો ધરાવતી હતી.